NATIONAL SENIOR CERTIFICATE EXAMINATION
NOVEMBER 2024

# GUJARATI FIRST ADDITIONAL LANGUAGE: PAPER I

Time: 2 hours                                                                 80 marks

---

**PLEASE READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY**

1. This question paper consists of 9 pages. Please check that your question paper is complete.
2. Read the questions carefully.
3. Number your answers exactly as the questions are numbered.
4. It is in your own interest to write legibly and to present your work neatly.

---

IEB Copyright © 2024 

## SECTION A

**પ્રશ્ન–૧ નીચેનો ગદ્ય વાંચીને આપેલા પ્રશ્નોના યોગ્ય જવાબ લખો.**

હારુન અલ રશીદ ખલીફા થયા, ત્યારે એમની ઉંમર ત્રેવીસ વર્ષની હતી. આટલી નાની ઉંમરે એક મોટા રાજ્યને ચલાવવાની જવાબદારી હસતે મોંએ ઉપાડી લીધી. એમણે સારી વિદ્યા પ્રાપ્ત કરી હતી. આથી એઓ પ્રજાનું કેમ ભલું થાય તેની પૂરી કાળજી રાખતા હતા.

એક વખતે એમના ગુપ્તચરે આવી ખબર આપી : ''નામદાર, મિસરના સૂબાના વહીવટમાં અંધેર ચાલે છે. એ સિપાઈઓની પલટન મોકલી લોકોને હેરાન કરે છે.''

આ સાંભળી ખલીફાને દુઃખ થયું. એમણે પૂછ્યું : ''શું સૂબો લોકો પર જુલમ ગુજારે છે ?''

ગુપ્તચર બોલ્યો : ''જુલમ ગુજારે છે એટલું જ નહિ, પણ જૂઠાણું ફેલાવી પ્રજાને ઉશ્કેરે છે. ત્યાંના લશ્કરમાં પણ અસંતોષ જાગ્યો છે.''

ખલીફાએ બીજે દિવસે પોતાના દરબારીઓને બોલાવ્યા. એમણે મિસરના સૂબાના જુલમની વાત એમને કાને નાખી. કેટલાક દરબારીઓ મોટી પદવી મેળવવાના લાલચુ હતા. એ દરેકના મનમાં એવો વિચાર આવ્યો કે આ સૂબાગીરી મને મળે તો કેવું સારું ! પણ ખલીફાએ તો ન ધારેલું નામ રજૂ કર્યું ! એમણે પૂછ્યું, ''આપણે અબુ હાફિજને મિસર મોકલીએ તો કેમ ?''

આ સાંભળી એ લાલચુ દરબારીઓ દંગ થઈ ગયા ! એક દરબારીએ કહ્યું : ''નામદાર, અબુનો દેખાવ તો જુઓ ! લોકો પર એનું વજન નહિ પડે.''

ખલીફાએ હસીને કહ્યું : ''અબુ દેખાવે રૂપાળો નથી, પણ એનું હૃદય રૂપાળું છે. એ ખુદાના ઘરનો માણસ છે.''

દરબારીઓ ખલીફાનું મન જોઈ કંઈ બોલ્યા નહિ. ખલીફાએ અબુને બોલાવ્યો. અબુ દરબારમાં આવ્યો અને ખલીફાને માનપૂર્વક નમન કરી સામે બેઠો. પછી તેણે પૂછ્યું : ''નેક નામદાર, આપની શી આજ્ઞા છે ?''

ખલીફાએ એને મિસરમાં ચાલતી અંધાધૂંધીની વાત કરી, પછી એને કહ્યું : ''તારે મિસર જઈને મારા સૂબા તરીકે વહીવટ કરવાનો છે.''

IEB Copyright © 2024

અબુએ નમ્રતાથી કહ્યું : ''નામદાર, એક શરતે આપની આજ્ઞા માથે ચડાવીશ. મિસરનો વહીવટ સુધરી જાય, એટલે હું અહીં ચાલ્યો આવીશ.''

ખલીફાએ અબુની શરત કબૂલ રાખી અને એને નિમણૂકના સહીસિક્કાવાળો પત્ર આપ્યો. અબુ એ પત્ર લઈ મિસર જવા ઊપડી ગયો.

થોડા સમય પછી અબુ મિસર આવ્યો અને એણે લોકોના એક ટોળાને સૂબાના મહેલ વિશે પૂછપરછ કરી. માહિતી મળતાં, એ સૂબાના રહેઠાણ પાસે પહોંચી ગયો. સૂબાસાહેબને મળવું છે એમ કહીને એણે દરવાજો વટાવ્યો અને દાદર ચડીને સૂબાની આગળ આવીને એ ઊભો રહ્યો. આ સમયે મુસા પોતાના દરબારીઓથી વીંટળાઈને બેઠો હતો. અબુ ચૂપચાપ મંડળીમાં જઈને એક ખૂણામાં બેઠો. મુસા જાતજાતની બડાઈ હાંકતો હતો. દરબારીઓ તરેહતરેહની વાતોથી મુસાની ખુશામત કરી રહ્યા હતા. આ બધી વાતો સાંભળી મુસાનો આનંદ સમાતો ન હતો.

થોડી વાર પછી મંડળી વિખેરાઈ. બધા દરબારીઓ વારાફરતી ઊઠી ગયા. પણ અબુ તો ત્યાં બેસી જ રહ્યો. આથી મુસાનું ધ્યાન આપોઆપ એના તરફ ગયું. એને લાગ્યું કે કોઈ ગરીબ માણસ ફરિયાદ કરવા માટે આવ્યો હશે. એણે અબુને પૂછ્યું : ''તારે કંઈ ફરિયાદ છે?''

''ના.'' અબુએ જવાબ આપ્યો.

''તો પછી મારો જીવ ખાવા આવ્યો છે?''

''ના.''

''તો તારે શું જોઈએ છે?''

અબુ શાંત સ્વરે બોલ્યો : ''મિસરની સૂબાગીરી.''

આ કોઈ ધૂની માણસ હોવો જોઈએ એમ સૂબાએ માન્યું. એને ધક્કો મરાવી બહાર કાઢવો પડશે એમ એને લાગ્યું. ત્યાં તો અબુએ મુસાને ખલીફાની સહીવાળો પત્ર બતાવ્યો. આજ્ઞાપત્ર જોતાં જ મુસાનું મોં પડી ગયું. એણે માનપૂર્વક અબુને મહેલમાં બેસાડ્યો.

બીજા દિવસથી મિસરના સૂબા તરીકે અબુએ રાજ્યનો કારભાર પોતાના હાથમાં લીધો. જેમ જેમ ખબર પડતી ગઈ તેમ તેમ લોકોના ટોળાં અબુને જોવા મહેલના ચોગાનમાં આવવા લાગ્યાં.

મિસરના લોકોને નવા અમલદારોને ભેટસોગદો આપવાની બૂરી ટેવ પડી હતી. આથી તેમાંના કેટલાક અમલદારોએ અબુ પાસે આવીને કહ્યું : ''સૂબાસાહેબ, નવા સૂબાને પ્રજા તરફથી ભેટ આપવાનો રિવાજ મિસરમાં છે. લોકો સમૂહમાં આવીને ભેટ આપી જશે, તો આપ ભેટ સ્વીકારવાનો દિવસ નક્કી કરો.''

<u>અઘરાં શબ્દો:</u>

ખુદાના ઘરનો માણસ = ચોખ્ખા દિલનો માણસ

કાને નાંખવું = જણાવવું

ખલીફા = મહંમદ પયગંબર પછી થયેલા ઇસ્લામી ધર્મના વડા

ગુપ્તચર = જાસૂસ

પલટન = ટુકડી ઘૂની = પાગલ

જુલમ = દુ:ખ દેવું

બડાઇ હાંકવી = પોતાના વખાણ કરવા

જીવ ખાઇ જવો = કંટાળો આપવો

રહેઠાણ = ઘર સૂબાગીરી = ભવિષ્યની વાત

અંધાધૂંધી = કેઑસ દંગ = ચકિત

૧.૧ હારુન અલરશીદ ખલીફા થયા ત્યારે તેમની ઉંમર શું હતી ? તેમને માથે શું જવાબદારી આવી પડી ? (3)

૧.૨ ગુપ્તચરે ખલીફાને શી ખબર આપી ? (3)

૧.૩ ખલીફાએ બીજે દિવસે પોતાના દરબારીઓને બોલાવીને શૂ કહ્યું ? (3)

૧.૪ ખલીફાએ મિસરના સૂબા તરીકે અબુની પસંદગી શા માટે કરી ? (3)

૧.૫ અબુએ સૂબાના મહેલમાં શું શું જોયું ? (3)

૧.૬ કેટલાક અમલદારોએ અબુ પાસે આવીને શું કહ્યું ? (3)

IEB Copyright © 2024

૧.૭ નીચે આપેલી ખાલી જગ્યા પૂરો.

૧.૭.૧ આ સાંભળી એ.......દરબારીઓ દંગ થઇ ગયાં. (1)

૧.૭.૨ ખલીફાએ એને મિસરમાં ચાલતી.......ની વાત કરી. (1)

૧.૭.૩ મિસરના લોકોને નવા અમલદારોને......આપવાની બૂરી ..........પડી હતીં. (2)

૧.૮ વિરોધી શબ્દો આપો.

૧.૮.૧ જવાબદાર

૧.૮.૨ શાંત

૧.૮.૩ મહેલ (3)

૧.૯ નીચે આપેલા વાક્યો સાચા છે કે ખોટાં તે જણાવો.

૧.૯.૧ હારુન અલ રશીદ ખલીફા થયા ત્યારે એમની ઉમર ૨૦ વર્ષની હતી.

૧.૯.૨ કેટલાક દરબારીઓ મોટી પદવી મેળવવાના લાલચુ ન હતાં.

૧.૯.૩ અબુ દેખાવે રૂપાળો હતો.

૧.૯.૪ અબુ પત્ર લઇ મિસર જવા ઊપડી ગયો.

૧.૯.૫ મિસરના લોકોને નવા અમલદારને ભેટ સોગાદો આપવાની ટેવ પડી હતી. (5)

**30 marks**

## SECTION B

### પ્રશ્ન–૨ નીચે આપેલો ફકરો વાંચી સંક્ષેપલેખન કરો.
### (છ થી સાત વાકયો)

માનવ વૈજ્ઞાનિક પ્રગતિ કરી રહ્યો છે તેથી આપણે આશા રાખીએ કે કોઈક કાળે વૈજ્ઞાનિકો ધરતીકંપનું રહસ્ય મેળવશે, આજે તો આવી કુદરતી આફતો સામે આપણે કંઈ કરી શકતા નથી.

ધરતીકંપ અને જ્વાળામુખીનાં કારણો સમાન છે, પહેલાં તો આપણે આપણી પૃથ્વી કેવી છે એ સમજવું જોઈએ. પૃથ્વીના જે ભાગની ઉપર આપણે રહીએ છીએ તે ભાગ તો ઠંડો છે. જેમ જેમ ધરતીના ઊંડાણમાં જઈએ તેમ તેમ ગરમી વધતી જાય છે, દર હજાર ફૂટે આશરે નવ ડીગ્રી સેન્ટિગ્રેડ ગરમી વધે છે. મૈસૂરમાં કોલારની સોનાની ખાણ અને દક્ષિણ આફ્રિકામાં રૉબિન્સન ડીપ નામની ખાણ છે; આ બંને લગભગ દશ હજાર ફૂટ ઊંડી છે. તેને તળિયે એટલી ગરમી હોય છે કે ઉપરથી ઠંડી હવા નીચે લઈ જવી પડે છે, તો જ ત્યાં કામ થઈ શકે, જો દસ હજાર ફૂટની ઊંડાઈએ આટલી ગરમી હોય તો પૃથ્વીના મધ્ય ભાગમાં કેટલી ગરમી હોય ! પૃથ્વીના મધ્ય ભાગમાં તો સૂર્યની સપાટી ઉપર છે તેટલી ગરમી હોય! ત્યાં કોઈ પણ પદાર્થ નક્કર સ્વરૂપમાં ન રહી શકે.

પૃથ્વીની ઉપરનું પડ માટી ને ધૂળનું છે, તેની નીચે કાંપના બનેલા પોચા ખડકો છે. તેની નીચે લાવારસ ઠરીને બનેલા કઠણ ખડકો છે. પૃથ્વીના પેટાળમાં તો ધગધગતો લાવા છે. પૃથ્વીના ખડકોના દબાણથી આ લાવારસ પ્લાસ્ટિકના લોંદા જેવો થઈ જાય છે અને તે બહાર નીકળવા પ્રયત્ન કરી રહ્યો છે. બીજી બાજુ સમુદ્રને તળિયે પડેલી તિરાડોમાંથી પાણી ધરતીના અંદરના ભાગમાં જાય, ત્યાંની ગરમીથી તેની વરાળ બને. વરાળનું કદ વધારે તેથી તે વરાળ પણ બહાર આવવા પ્રયત્ન કરે.


**10 marks**

IEB Copyright © 2024

## SECTION C

પ્રશ્ન – ૩

અ. નીચે આપેલી જાહેરખબર વાંચી પૂછેલા પ્રશ્નોના જવાબ આપો.



૩.૧ આ જાહેરખબર કઇ પ્રોડક્ટ વિશે છે ? (3)

૩.૨ સૌથી ઉપર શું સંદેશ છે ? (4)

૩.૩ આ જાહેર ખબરમાં પ્રોડક્ટ બનાવવા માટે શું વાપરવામાં આવ્યુ છે ? (3)

૩.૪ આ વસ્તુના ઉપયોગથી ત્વચા કેવી બનશે ? (4)

૩.૫ બીજી કઇ કઇ જુદી ટાઇપના સાબુ કંપની બનાવે છે ? (4)

૩.૬ આ જાહેરખબરમાં તમને શું ગમ્યું ? (2)
**[20]**

IEB Copyright © 2024

બ. નીચે આપેલા ચિત્રનું તમારા શબ્દોમાં પાંચ થી સાત લીટીમાં વર્ણન કરો.



**[20]**

**40 marks**

**Total: 80 marks**

IEB Copyright © 2024